# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઉદ્યોગપતિઓના પૈસે નેતાઓ તર્યા કરે છે,
કાળા ધંધા કરી, એ ઉજળા થઇ ફર્યા કરે છે,
કર્યા કરે છે કાળું નાણું સફેદ રેલી-પ્રચારે -
ને ચૂંટણી પછી પ્રજા, કરવેરા ભર્યા કરે છે!

## હાઇકુ

ઘર બાળીને
તેલંગાણા લગાણે
કરે તાપણું!
(લગાણું = ચિનગારી)
કચ્છી શબ્દ

ભાડૂતી શ્રોતા!
ભીડ જોઇ નેતાઓ -
થાય ભૂરાંટા!
(ગેરસમજ)

## ચિંતન

***લોભશ્ચેદ ગુણેન કિં પિશુનતા યદ્યસ્તિ કિં પાત કૈઃ સત્ય ચેત્તપસા ચ કિં શુચિ મનો યદ્યસ્તિ તીર્થેન કિંમ ।***
***સૌજન્યં યદિ કિં જનૈઃ સુમહિમા યદ્યસ્તિ કિં મંડનૈઃ અદ્વિદ્યા યદિ કિં ધનૈરપયશો યદ્યસ્તિ કિં મૃત્યુના ॥***

ભર્તૃહરિના નીતિશતકનો આ શ્લોક પ્રશ્નોત્તર દ્વારા જ અવગુણોની વાત સરળ રીતે સમજાવે છે :

● જો માણસમાં લોભ-કંજૂસાઇની વૃત્તિ હોય તો પછી બીજા કોઇ જ અવગુણની જરૂર પડતી નથી અર્થાત લોભ એ બધાં જ પાપોનું મૂળ છે, એ જ સૌથી મોટો અવગુણ છે. ● જો ટીકા-નિંદા-ચાડી ચૂગલી કરવાની ટેવ હોય તો પછી અન્ય કુટેવોની કોઇ જરૂર નથી. સૌથી મોટી કુટેવ-પાપ છે. ● જો મન જ પવિત્ર-નિર્મળ હોય તો પછી બીજી તીર્થ-યાત્રાઓ કરવાની કોઇ જ જરૂર નથી કહેવત પણ કહે જ છે કે 'મન ચંગા તો કથરોટ મેં ગંગા'. ● માણસ પોતે જ સજ્જન હોય તો તેને સાથે સર્વ સારી રીતે જ વર્તન કરે છે, સજ્જન માણસને અન્ય પરિવાર પોતાના પરિવાર જેવો સંકુચિત ભાવ હોતો નથી. 'આપ ભલા તો જગ ભલા.' ● માણસ ઉત્તમ કાર્યો દ્વારા દાન-પુણ્ય દ્વારા, સત્કાર્યો દ્વારા કીર્તિ-મહાનતા પ્રાપ્ત કરી લે જ તેની શોભા છે પછી તેને બીજાં બાહ્ય આભૂષણોની જરૂર પડતી નથી. ● વિદ્યા એ જ ઉત્તમધન છે - અમૌલિક ધન છે. ● બદનામી - એ મૃત્યુ સમાન છે, પછી ભૌતિક રીતે મૃત્યુ આવે ન આવે એનો કોઇ અર્થ નથી.

## સુવિચાર

- જે સદા આપણી સાથે રહેશે નહીં, અને આપણે સદા જેની સાથે નહીં રહીએ, તેને મેળવવાની ઇચ્છા કરવી અથવા તેનાથી સુખી થવું એ મુર્ખતા છે, પતનનું કારણ છે - ***આચાર્ય જીનેશ્વરજી***
- અગર શાંતિ ચાહો છો તો 'આમ થવું જ જોઇએ, આમ ન જ થવું જોઇએ' એવું છોડી દો અને 'જે ભગવાન ચાહે, તે જ થવું જોઇએ' એમ સ્વીકારવું - ***માનસસૂત્ર***
- જે આપણી પાસે કંઇ પણ ચાહે છે, તે આપણો ગુરૂ કેવી રીતે થઇ શકે છે??- ***એસ. ભટ્ટાચાર્ય***
- ટ્રેન નિયત સમયે ઉપડવાની હોય ત્યારે આપણે પહેલેથી જ કેટલી બધી સાવચેતી રાખીએ છીએ, પણ જે મોતરૂપી ગાડીનો કોઇ નિશ્ચિત સમય નથી... તેના માટે તો સતત સાવચેતી રાખવી જોઇએ - ***ઓશો***
- પોતાનામાં અને બીજાઓમાં નિર્દોષતાનો અનુભવ થવો તે તત્ત્વજ્ઞાન અને જીવન મુક્તિની શરૂઆત છે - ***જનકલ્યાણ***
- એક અહમ્‌ના ત્યાગથી અનંત સૃષ્ટિનો ત્યાગ થઇ જાય છે, કારણ કે અહમ્ જ સંપૂર્ણ જગતને ધારણ કરી રાખ્યું છે - ***સચ્ચિદાનંદજી***
- ધન હોવા છતાં માણસ સંત બની શકે છે.. પણ ધનની લાલસા રહેતા માણસ સંત બની શકતો નથી - ***ડો. ચંદ્રકાંત મહેતા***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આપણો સ્વભાવ છે આપ સુખી તો જગ સુખી, સ્વાર્થ સરે પછી આપણે બીજાના પૃછા કરતા નથી, અનામત કે અન્ય રીતે જાતિ-ધર્મનો આપણે લાભ લઇએ પછી આપણાં જ જ્ઞાતિજનોનાં દુબળાં પછાત હોય તો આપણે તેમની પરવા પણ કરતા નથી. આવું જ ધંધા રોજગારમાં એક જ લાઇન વેપારીઓમાં એક નબળો પડે તો બીજા સદ્ધર તેની સહાય નથી કરતા. ઉલ્ટું મનમાં મલકાય છે..

એક ફેરિયો-છાપાં વેંચતો બૂમો પાડતો હતો. ત્યાં એક ગતિમાન ગાડી ત્રણ દરવાજા બહાર ઊભી રહી અને શેઠે ફેરિયાને બોલાવી પેપર આપવા કહ્યું, ફેરિયો ગેટની બહાર આવ્યો અને કહ્યું, સોરી! શેઠ પણ હું તમને છાપું નહીં વેંચુ! શેઠ કહે કેમ હમણાં જ તું બૂમો પાડી છાપું વેંચતો હતો ને? ફેરિયો કહે, હા પણ આ ગેટ અંદર તમે બહાર આવી ગયા! શેઠ કહે, હા પણ એમાં શું ત્યાં - પાર્કીંગ નો'તું - એટલે !!

ફેરિયો કહે જુઓ પેલો લાલજી લંગડાતો આવે છે એનો આ વિસ્તાર છે એ જ તમને છાપાં આપશે? શેઠ કહે આમાં પણ તમારું યુનિયન છે?

ફેરિયો કહે, ના-ના યુનિયન-બુનિયન નથી પણ લાલજી અપંગ છે તેથી અમે મનથી જ એવું નક્કી કર્યું છે આ વિસ્તાર (ગેટ બહારનો) લાલજી માટે જ છોડી દેવો!..

શેઠે લાલજી પાસેથી ત્રણ ચાર છાપાં ખરીદી લીધાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# નવા પિક્ચર શુક્રવારે રિલીઝ થતા હોય છે તે મુજબ જ 'ગુન્ડે' પિક્ચર પણ સિનેમાગૃહમાં ૧૪મી ફેબ્રુઆરી - શુક્રવારે રજ થયું પરંતુ સંસદમાં 'ગુન્ડે' તેના આગલા દિવસે રજૂ થઇ ગયું! 'મારધાડ'માં સંસદ, સિનેમાગૃહ કરતાં આગળ નીકળી ગઇ!

## હળવાશની ક્ષણોમાં !

### બજેટ અને શેરબજાર !

***- ચિત્રસેન શાહ***

બજેટ અને શેરબજારને 'ચોલી દામન કા સાથ' જેવું છે! સંસદમાં જેમ જેમ ફાનનાન્સ મિનિસ્ટરની સ્પીચ આગળ વધતી જાય તેમ તેમ શેરબજારનો 'સેન્સેક્સ' ઉપર-નીચે થયા કરે! સેન્સેક્સનો ગ્રાફ જોઇએ તો કાર્ડીયોલોજીસ્ટના ECG મશીનમાંથી નીકળે કાર્ડીયોગ્રામ જેવો દેખાય!

નાણાપ્રધાન સ્પીચમાં જો ટેક્સરૂપી વરસાદ આવે તો શેરબજારમાં ગાબડું! જેવી રીતે કોર્પોરેશન દ્વારા કરોડોનાં ખર્ચે બનાવાયેલા નવાનકોર રોડ પણ સફેદ વરસાદ પણ ગાબડું પાડી દે છે તે જ રીતે! ઘણીવાર તો ગાબડાંને બદલે 'ભૂવાં' પડે છે!(મોટા ગાબડાંને લોકો ભૂવા તરીકે ઓળખાવે છે!) આ ભૂવા પોતે ધૂણતા નથી પરંતુ લોકોને ધૂણાવે છે! ઘણીવાર તો વરસાદ જ નહીં પરંતુ માવઠું પણ ગાબડું પાડવાની જવાબદારી સ્વીકારે છે! એ તો જેવું કોન્ટ્રેક્ટરનું કામ! અને જેવી સત્તાધીશોની ઊંઘ! આમ વરસાદમાં જનતાના પૈસાનું પાણી થઇ જાય છે!

પરંતુ શેરબજારમાં પડેલા ગાબડાં ઘણીવાર શાણા ઇન્વેસ્ટરોને ન્યાલ પણ કરી દે છ શેરબજારને નજીકથી જાણનારા લોકો જાણતા જ હોય છે કે નાણાપ્રધાનની સ્પીચમાં અર્ધા કલાક પછી (ગાબડાં પુરવા ડમ્પર અને પેવર મશીર આવશે જ!) 'યુ' ટર્ન આવશે અને ત્યારે શેરબજારમાં ALL TIME HIGH ઉછાળો આવશે! અને ત્યારે આવા સ્માર્ટ ઇન્વેસ્ટરો 'હળવા ફૂલ' થઇ જાય છે!

તે લોકો જાણતા જ હોય છે કે ફરી પાછા ગાબડાં પડવાના જ છે!

આ વર્ષના ઇન્ટરીમ બજેટ માટે ફાઇનાન્સ મિનિસ્ટરની પત્નીએ કદાચ સૂચના આપી હશે કે 'બજેટથી લોકોને ખૂશ કરી દેજો! પછી તો કોણ દીઘી છે કાલ!(જો કે પત્ની મનમાં તો સમજતી જ હશે કે કાલ કેવી ઉગશે!)'

બજેટના દિવસે જ લગ્નની સીઝનમાં પણ ફુલગુલાબી તેજી હતી! અમારા એક પરિચિતને ત્યાં લગ્ન પ્રસંગ હતો અને 'ચાંદલો' લખવાવાળા નજીક કોઇ મળતા નો'તા કારણ કે બધા બજેટની સ્પીચ સાંભળવામાં અને શેરબજારમાં કારોબારમાં બીઝી હતા. તેથી તેમણે ચાંદલો લખવાનું અને 'ઉઘરાવવાનું( !)' કામ આઉટ સોર્સિંગથી કરાવવાનું નક્કી કર્યું! આ કામ માટે તેને 'ચંપાવત' જેવો કોઇ માણસ મળી પણ ગયો! અને પછી તો ઘણા જે થવાની આશંકા હતી તે જ થયું! પેલો માણસ 'ચાંદલો' લઇને ફરાર! પાછળથી એવું સાંભળવા મળેલ કે તે માણસે પઠાણી ઉઘરાણીથી 'ચાંદલો' ઉઘરાવતો હતો! ચાંદલો લખાવનારને કહેતો - 'અરે, તમારો આટલો ઓછો 'ચાંદલો' હોય?! આમાં તો મારું ખરાબ દેખાય!'

શેરબજાર અંગેનો આ લેખ છે તો તે અંગેની બીજી એક વાત વાંચેલી - જે હવે તમે પણ વાંચો!

'બાઇબલનો મનીકોડ અને કરોડપતિ બનવાની ચાવી! સીન હાયમેન બાઇબલની મદદથી કરોડપતિ બન્યા!'

સીન હાયમેન પહેલા પાદરી હતા. પરંતુ ત્યારબાદ તેમણે શેરબજારમાં ઝંપલાવ્યું અને હવે લોકો તેમને ફાઇનાન્સીયલ ગુરૂ તરીકે ઓળખી રહ્યા છે!(વોરન બફેરને જેમ મેનેજમેન્ટ/ઇન્વેસ્ટમેન્ટ ગુરૂ તરીકે ઓળખે છે તેમજ!) ટી.વી.ના બીઝનેશ ચેનલ પર રોકાણ કયાં અને કેવી રીતે કરવું તેની Tip આપતા રહે છે!

બાઇબલના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને તેના દ્વારા કરાયલા રોકાણે તેને કરોડપતિ બનાવી દીધો છે!

'બાઇબલ કોડ' એ હિબ્રુ ભાષામાં લખાયેલો સાંકેતિક સંદેશો છે! જે ટોરા નામની હિબ્રુ ટેકસ્ટ દ્વારા ઉકેલી શકાય છે. આ ટેક્સ્ટરમાંથી કેટલાક અક્ષરો છોડીને પસંદગીના અક્ષરો ચૂંટવાના હોય છે અને તેમાંથી એક શબ્દ કે વાક્ય બને છે જે કઇ વસ્તુનો, ક્યારે, કઇ દિશામાં અને કેવી રીતે ઉપયોગ કરવો તેનો સંકેત આપે છે અને તેમ કરવાથી અચૂક સફળતા મળે છે!

આ તો થઇ સાચા રસ્તે કરોડપતિ બનવાની વાત પરંતુ જેમણે 'જેટ ઝડપે' કરોડપતિ બનવું છે તેવા લોકોએ પણ નિરાશ થવાની જરૂર નથી! તેવા લોકો નીચેની રીતો અજમાવી શકે છે!

● એકાદ એકેડમી ખોલી દો અને લોકોને 'પર્સનલ ડેવલોપમેન્ટના પાઠ (ખરેખર તો ઊંઠા ભણાવવાના કે 'ઉલ્લુ' બનાવવાના પાઠ!) ભણાવવા માંડો! લોકો દશ-દશ લાખ જેવી માતબર રકમ હાથમાં રાખી લાંબી લાઇનો લગાવી દેશે!'

તમારે બીજું કશું કરવાનું નથી ફક્ત નોટો ગણવાનું મશીન જ લાવવાનું રહેશે! આ મશીન પર ભવિષ્યના 'તલાટી'ને બેસાડી દેવાનો! આ રીતે તેને પ્રેક્ટિકલ ટ્રેનિંગ પણ મળી રહેશે!

ચંપાવત સાથે ઊભા રહી ફોટા પડાવનારા હવે તે ફોટા ડિલીટ કરવા લાગ્યા છે! એ બીકે કે રખે ને ચંપાવતનો રેલો તેમના ઘર સુધી લંબાય તો?!

● ન્યૂઝ પેપરમાં આવેલ એક જાહેરાતની રીત! પણ અજમાવી શકાય! એ જાહેરાત હતી -

'કરોડપતિ બનવું છે?! તો ૫૦૧/- નો ચાંદલો M.O. થી મોકલો! તેને જવાબમાં અમે તમને એક Tip આપશું જે મુજબ કરવાથી આપ થોડા જ સમયમાં કરોડપતિ બની જશો!'

આ જાહેરાત વાંચી હજારો લોકોએ ૫૦૧/- નો ચાંદલો મોકલ્યો!(એમ સમજીને કે આમેય તે લગ્નની સીઝન છે એક ચાંદલો વધારે! સણસઠ ભેગીસ અણસઠ!)

જવાબમાં ચાંદલો મોકલનાર દરેકને SMS દ્વારા એક Tip આપવામાંઆવી - 'તમે પણ અમારી માફક જ પેપરમાં જાહેરાત આપી દો!'

● કરોડપતિ નહીં - પણ અબજોપતિ બનવાનો એક ત્રીજો રસ્તો પણ છે!

રાજકારણમાં ઝંપલાવી દો!

તે માટેની લાયકાત -

સંસદમાં મરચાંનો સ્પ્રે છાંટતા આવડવું જોઇએ!

ખીસ્સામાં ચપ્પુ રાખતાં આવડવું જોઇએ - 'ઢિસુમ - ઢિસુમ' કરતાં આવડવું જોઇએ! વિગરે...

ટૂંકમાં પ્રિયંકા ચોપડાવાળા પિક્ચર 'ગુન્ડે' બનતાં આવડવું જોઇએ!

નવા પિક્ચર શુક્રવારે રિલીઝ થતા હોય છે તે મુજબ જ 'ગુન્ડે' પિક્ચર પણ સિનેમાગૃહમાં ૧૪મી ફેબ્રુઆરી - શુક્રવારે રજ થયું પરંતુ સંસદમાં 'ગુન્ડે' તેના આગલા દિવસે રજૂ થઇ ગયું! 'મારધાડ'માં સંસદ, સિનેમાગૃહ કરતાં આગળ નીકળી ગઇ!

જો કે 'Every Cloud has a silver lining' ની જેમ રાજકારણમાં સ્વસ્છ વ્યક્તિઓ પણ હોય છે.

અરવિંદ કેજરીવાલની છાપ એક પ્રામાણિક વ્યક્તિ તરીકેની છે. ભ્રષ્ટાચાર સામનો તેમનો આક્રોશ પણ વખાણવા લાયક અને વ્યાજબી છે. દિલ્હીમાં ભ્રષ્ટાચાર સામેનાં સ્ટીંગ ઓપરેશનને પ્રતિસાદ આપવામાં પણ તેમણે પ્રશંસનીય કામ કર્યું છે. પરંતુ સાથે સાથે દેશ ચલાવવા જરૂરી મેચ્યોરીટી અને ચાણક્યબુદ્ધિની પણ એટલી જ જરૂર છે. દેશ સમક્ષ ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી ઉપરાંત બીજી પણ અનેક સમસ્યાઓ છે. પાકિસ્તાન અને ચીન તરફથી વર્ષોથી અને કાયમ થઇ રહેલી ઘૂસણખોરી, આતંકવાદ, ભારતમાં જ રહી દેશદ્રોહી પ્રવૃત્તિઓ કરી રહેલા તત્ત્વોની સાફસૂફી વિગેરે સમસ્યાઓ ફક્ત 'ઝાડુ' થી સાફ નહીં થઇ શકે! તેના માટે અરવિંદ કેજરીવાલે હાથમાં મશીનગન લેવી પડે! A.K-56 (અને માને માટે પ૬ની છાતી જોઇએ!)

પોલીટીક્સ પરથી ચાલો ફરીથી શેરબજારમાં જઇએ! 'સેબી' એ વેલેન્ટાઇન ડે પર મહિલાઓને ખુશ કરી દીધી! 'સેબી' એ સર્કયુરલર બહાર પાડ્યો કે 'લીસ્ટેડ કંપનીઓનાં 'બોર્ડ ઓફ ડિરેક્ટર્સ' માં હાલ મહિલાઓની સંખ્યા ગણનાપાત્ર રીતે ઓછી છે. તેથી નવા વર્ષમાં બોર્ડમાં ૧૦૦૦ મહિલાઓને સ્થાન આપવું પડશે. લીસ્ટેડ દરેક કંપનીના બોર્ડમાં ઓછામાં ઓછી એક મહિલા તો સ્થાન આપવું જ પડશે!

આ સમાચાર જાણી એક બિઝનેશ વુમન તો ખુશ થઇ ગઇ! તેણીએ તો તરત Action લેવા માંડ્યા! તેણીએ ન્યૂઝ પેપરમાં એક જાહેરાત આપી - 'બેબીને સાચવવા એક સંસ્કારી બહેનની જરૂર છે. Contect ફોનં નંબર..... XYZ પર!'

તેના જવાબમાં તેણીને ફોન આવ્યો - 'હેલ્લો હું સંસ્કારી બહેન બોલું છું! પરંત બેબી તો સંસ્કારી છે ને?!!'

# રાજયમાં પરવાનગી વગરની હજારો લીઝ રદ કરતી ગુજરાત હાઇકોર્ટ

## વાત કાનૂન કાયદાની...

-અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ



**ગુજરામાં કેન્દ્રીય વન અને પર્યાવરણ વિભાગની પૂર્વ પરવાનગી લીધા સીવાય અપાયેલી ખાણ ખનીજ વિભાગની ખનનની તમામ લીઝને હાઇકોર્ટે રદ જાહેર કરી છે. જસ્ટીસ રવિ ત્રિપાઠી અને જસ્ટીસ મોહિન્દર પાલે ચુકાદો આપતા જણાવ્યું છે કે રાજયમાં હવે હરાજી સીવાય લીઝ આપી શકાશે નહિ તેમજ વન આરક્ષીત કે સેન્ચુરીટીના ૫ કિ.મી. વિસ્તારમાં આવેલી જમીનમાં ખાણ ખનીજની પરવાનગી આપી શકાય નહિ અને આપી હોય તો પણ આવી લીઝ રદ થવાને પાત્ર છે. આ ચુકાદાના કારણે રેતી, લાઇમસ્ટોન વિગેરે મીનરલ્સના ખનનની પ્રવૃત્તિઓ ઉપર અસર પડશે અને કન્સ્ટ્રકશન તથા ટ્રાન્સપોર્ટના વ્યવસાયને પણ માઠી અસર પડશે.**

**સુપ્રીમ કોર્ટે ૨૦૧૨ માં કરેલા હુકમ પ્રમાણે દેશમાં ખાણ ખનનની કોઈ પણ પ્રવૃત્તિ કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગની પૂર્વ મંજૂરી વગર થવીના જોઈએ. સુપ્રીમના આ હુકમ બાદ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે પણ આજ ગાઈડલાઈન જારી કરી છે. ૨૦૧૨ માં સુપ્રીમ કોર્ટે કરેલ હુકમ મુજબ રીન્યુ કરાયેલી લીઝના હોલ્ડર્સ છ મહિના સુધી ખાણ ખનન કરી શકશે પણ તેમણે ત્રણ માસની અંદર પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને છ માસ પૂર્ણ થયેથી રાજય સરકાર હરાજીથી જ લીઝ આપવાની રહેશે.**

**ગુજરાત રાજયમાં ૭૯૯૦ લીઝ હોલ્ડરને ખાણ ખનનની પરવાનગી આપવામાં રાજય સરકારે ગંભીર બેદરકારી કરી હોવાનું સુપ્રીમે ઠરાવ્યું છે.**

**સદર કેસનું મૂળ ગાંધીનગરના નવિનસિંહ રાઠોડ અને રામસિંહ વણઝારાની લીઝ ગુજરાત હાઈકોર્ટે રદ કરતા ઉદ્દભવેલ છે. વન રક્ષીત કે સેન્ચુરીના ૫ કિ.મી. ના વિસ્તારમાં રાજય સરકારે ૨૮૮૭ લીઝ આપેલ છે તેમજ હરાજી વગર ૨૦,૦૦૦ થી વધારે લીઝ રાજય સરકારે આપેલ છે રાજય સરકારે અમુક સ્થાપિત હિતોને લાભ અપાવવા પ્રજાની તિજોરીને નુકશાન પહોંચે તે રીતે આડેધડ પરવાનગી આપી હતી જેની કોર્ટે ગંભીરતાથી નોંધ લઈ રદ કરેલ છે. જેનાથી હવે પછી રાજય સરકારને ૩૦ હજાર કરોડ રૂપિયાનો ફાયદો થશે જે નાણા પ્રજા કલ્યાણના કાર્યોમાં વાપરી શકાશે સરકાર ભેદભાવ પૂર્વક વર્તે તે ના ચાલે કાયદાનું પાલન બધા માટે સરખુ હોવું જોઈએ વહાલા દવાની નિતિ સરકારમાં દાખલે તે ચલાવી શકાય નહિ.**

**સરકાર તરફે રજુઆત કરતા જણાવ્યું હતું કે સરકારની બેદરકારી ન હોતી કેન્દ્રના ૧૯૫૬ ના નિયમો મુજબ જ લીઝ આપવામાં આવી હતી. જેમાં હવે સુપ્રીમના હુકમથી નવી ગાઈડલાઈન રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવશે અને તમામ લીઝ હરાજીથી જ આપવામાં આવશે. આ અંગે નવું જાહેરનમું બહાર પાડવામાં આવશે.**

**ફેબ્રુઆરી ૨૦૧૨ ના સુપ્રીમના હુકમ બાદ અપાયેલી તમામ લીઝ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે છે અને રાજય સરકારને હુકમ કરવામાં આવે છે કે આવી માઈન્સનું પઝેશન મેળવી ત્યારબાદ તેનું નવા નિયમો પ્રમાણે હરાજી કરી લીઝ આપવામાં આવે.**

**કેટલાક વિસ્તારોમાં રાજય સરકારે ખાણ ખનનવાળી જગ્યાના સર્વે નંબર જ જણાવેલ નથી. આવી તમામ જગ્યાના પરવાના રીન્યુઅલ રદ કરવામાં આવે છે.**

**ખાણ ખનીજ વિભાગની ફીના વધારાના વિરોધમાં નરોડા, બરોડા, આણંદ જીલ્લાના ઉદ્યોગકારોએ હાઈકોર્ટમાં જુદી જુદી પીટીશન કરેલ તે તમામ પીટીશનમાં સરકાર દ્વારા એમ.ઓ.યુ. કરી એફ.આઈ.એ. આ બધી શરતો સાથેનો એક એમ.ઓ.યુ. જીઆઈડીસીની મંજૂરી સાથે તૈયાર કર્યો હતો જેને જીઆઈડીસીની વાર્ષિક સાધારણ સભામાં સર્વાનુમતે મંજૂર કર્યો હતો. એપ્રીલથી ઈન્ફ્રાસ્ટ્રકચર ફી લેવાની બંધ થશે એટલે ઉદ્યોગો પરનું ભારણ હળવું થશે. ઉદ્યોગો પરના અનક પ્રકારના ટેકસની સાથે આ પણ એક ટેકસ હતો તેમાંથી મુકિત મળશે.**

**તેમજ એસ્ટેટના કામ માટે જીઆઈડીસી રસ્તા, ગટર, લાઈટ માટે ગ્રાન્ટ આપશે. જયારે અમુક રકમ જીઆઈડીસી એસોસીએશન પાસેથી ઉઘરાવી લોકફાળાથી જીઆઈડીસીનો વિકાસ સાધવામાં આવશે જેમાં ૬૦ ટકા જીઆઈડીસીની રાજય સરકારની ગ્રાન્ટમાંથી તથા ૩૦ ટકા જીઆઈડીસીએ ભોગવવાના રહેશે અને માત્ર ૧૦ ટકા રકમ જ એસ્ટેટના માથે રાખવામાં આવશે જેનાથી ઉદ્યોગો ઈન્ડસ્ટીયલ એસ્ટેટનો વિકાસ કરી શકશે તથા એમ.ઓ.યુ. જીઆઈડીસી રાજય સરકાર અને એસ્ટેટ એસોસીએશનની વચ્ચે કરવામાં આવશે.**

**નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવશે જેને રાજય સરકારનું ખાણ ખનીજ વિભાગ અમલમાં મુકશે અને તમામ લીઝ હરાજી દ્વારા જ આપવામાં આવશે. અગાઉની તમામ લીઝ રદબાતલ જાહેર કરવામાં આવશે અને નવેસરથી અરજી મંગાવી સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન નીચે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ તથા આરક્ષીત વન સેન્ચુરીના નિયમો મુજબ ખાણ ખનીજની લીઝ રીન્યુ કરવામાં આવશે. હરાજી વગર અગાઉ અપાયેલી ૨૦,૦૦૦ લીઝો રદ જાહેર કરવામાં આવશે અને કેન્દ્રના પર્યાવરણ વિભાગની મંજૂરી બાદ જ હરાજીથી આવી લીઝ રીન્યુ કરવામાં આવશે. જેનાથી ૩૦,૦૦૦ કરોડની રેવન્યુ ગુજરાત સરકારને વધારાની મળશે આવનાર દિવસોમાં ગુજરાતનો વિકાસ આભને આંબશે તે નક્કિ વાત છે.**

# માનવ ક્રૂરતાનો ભોગ - દરિયાઇ શાર્ક લુપ્તતાના ભય હેઠળ


## વન્યસૃષ્ટિ પરિચય

***- હેમંત સુથાર***

પૃથ્વી પર વિશાળ કદના જીવો કયા ભાગમાં વધારે જોવા મળે છે? તેના વિશે વિચારીએ તો કહી શકાય કે દરિયાઇ જીવો તેમાં પણ ખાસ કરીને દરિયાઇ સસ્તનોની વિવિધ જાતિઓના કદ ખુબ જ મોટા જોવા મળે છે. વ્હેલ, પોરપોઇઝ, સી-લાયન જેવા દરિયાઇ સસ્તનો વિશિષ્ટ અને મહાકાય હોય છે. આજે આ બધા જ દરિયાઇ જીવો પોતાના બચાવ માટે મદદ માગી રહ્યા છે. તેમના દરિયાઇ વાસસ્થાનો નાશ પામી રહ્યા છે. વિશ્વના દરિયાઓમાં મોટા પ્રમાણમાં હાનિકારક રસાયણો અને આણ્વિય કચરો નાંખવામાં આવી રહ્યો છે. મોટા કદનાં સંખ્યા બંધ દરિયાઇ વાહનોની અવર-જવરો અને તેમની ઝડપ આવા જીવોને હાનિ પહોંચાડી રહી છે. દરિયામાં થઇ રહેલ સંચાર માટેનો અને રેડિયો તરંગ આવા જીવો માટે બાધારૂપ બની રહી છે. આ બધી સમસ્યાઓ હવે તેમનાં અસ્તિત્વ માટેની અંતિમ લડાઇ બની રહી છે.



આ બધી સમસ્યાઓ ઉપરાંત વધુ એક સમસ્યા ખાસ કરીને વ્હેલ જાતિઓનાં જીવોને તેમના ફીનને કારણે મોટા પ્રમાણમાં મારવામાં આવી રહી છે તે પણ છે. એક અભ્યાસ પ્રમાણે વર્ષ ૨૦૧૨માં વિશ્વમાં ૧૦૦૦ લાખ જેટલી વ્હેલનો શિકાર થયો હતો... જયારે કેટલાક વૈજ્ઞાનિકોના અભ્યાસ પ્રમાણે વ્હેલોના શિકારનો આંકડો પ્રતિ વર્ષ ૨૭૩૦ લાખ જેટલો છે. વર્ષ ૨૦૦૬ માં ૨૨, ૯૦,૦૦૦ ટન જેટલી શાર્ક પકડવામાં આવી હતી.



દરિયાઇ વ્હેલ શાર્ક ખુબ જ રમતિયાળ અને હોંશિયાર પ્રાણી છે. તે એક સામાજિક પ્રાણી હોઇ તેના સમુહમાં બધાની સાથે જ રહેવાનું પસંદ કરે છે. માનવોની સાથે-સાથે દરિયામાં તરવાનું પસંદ કરે છે. દરિયાઇ આહાર સાંકળમાં શાર્ક ફિન સુપના એક બાઉલના ૧૦૦ ડોલર કિંમત જે અંદાજે ૬૦૦૦ રૂપિયા જેટલી થાય છે. શાર્ક ફિન તેના શરીરનો મોઘામાં મોઘો ભાગ ગણાય છે અને તેની કિંમત ૬૫૦ ડોલર એટલે કે ૩૦૦૦૦ રૂપિયા જેટલી થાય છે. વ્હેલ શાર્કની પેકટોરલ ફિન ૨૦૦૦૦ ડોલર તથા બસ્કિંગ શાર્કની પેકટોરલ ફિનનો ૫૦૦૦૦ ડોલર કિંમતમાં વેચાણ થાય છે. શાર્ક ફિનનું વજન તેના શરીરના વજનમાં ૫ % જેટલું જ હોય છે. શાર્કના શરીરના બીજા ભાગો મોટાભાગે બીન ઉપયોગી અને વેચાણ લાયક ન હોઇ તેને પકડનારા લોકો તેને જે બોટ કે ટ્રોવલર પર પકડે છે ત્યાં જ તેના ફિન જીવતા જીવ કાપી નાંખે છે. શાર્કના હાડકા, લીવર ઓઇલ અને ચામડીની માંગ તથા કિંમત પણ ઓછી છે. તેથી બીન જરૂરી લાગતાં શાર્કના શરીરના ભાગો દરિયાકાંઠા સુધી લઇ જવાનો ખોટો ખર્ચ કરવા કરતાં તેની જગ્યાએ વેચી શકાય તેની ફિન લઇ જવી વધુ ફાયદાકારક મનાય છે. ફિન કાપેલી લાખો શાર્કોને દરિયામાં ફેંકી દેવાય છે. કપાયેલી ફિનવાળી શાર્ક ફિન વગર સારી રીતે તરી શકતી નથી અને દરિયાને તળિયે ડુબવા લાગે છે. દરિયાને તળીયે તે ગુંગળામણથી મરી જાય છે અને દરિયાના બીજા જીવો તેને ખાઇ જાય છે. કાપેલી કેટલીક ફિન વધુ યુરિયા ધરાવતી હોઇ તે પણ બીન ઉપયોગી હોઇ ફેંકી દેવામાં આવે છે. શાર્કને પકડતી વખતે ઘણી બધી નકામી શાર્ક અને અન્ય દરિયાઇ જીવો પણ પકડાય છે, જે નકામા ગણાતાં હોઇ ફેંકી દેવાય છે. પરંતુ આ દરમિયાન મોટાભાગનાં દરિયાઇ જીવો મૃત્યુ પામે છે.

વર્ષ ૧૯૯૭ બાદ શાર્ક ફિનની માંગ તેમાંથી બનતા સુપ અને પરંપરાગત દવાના ઉપયોગનાં કારણે વિશેષ કરીને ચીનમાં વધવા પામી છે. વર્ષ ૨૦૦૭માં તેનો વેપાર ૫૪૦૦ લાખ ડોલરથી લઇને ૧.૨ અબજ ડોલરનો વેપાર હતો. કેટલાક ખરીદદારો વ્હેલ શાર્ક અને બાસ્કિંગ શાર્કના ફિનને ટ્રોફી તરીકે રાખે છે અને આ માટે ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ ડોલર જેટલી ઊંચી કિંમત પણ ચુકવવા તૈયાર હોય છે.

આ કારણે છેલ્લા ૫૦ વર્ષોમાં શાર્કની કેટલીક જાતિઓની વસ્તી ૮૦ % જેટલી ઘટી જવા પામી છે. વિશેષ કરીને ટાઇગર, ગ્રેટ વાઇટ, બ્લેક ટીપ, બ્લ્યુ, બુલ, હેમર હેડ, પ્રોસીબલ, માર્કો, સેંડબાર, થ્રેશર જેવી ૧૦ જેટલી શાર્કની જાતિઓનો મોટા પ્રમાણમાં શિકાર થાય છે. શાર્કની શારીરિક વૃદ્ધિ ધીમી થાય છે અને તે મોટા કદની થયા બાદ પુખ્ય થાય છે. તેનો પ્રજોપ્તિ દર પણ ઘણો ઓછો છો. જે સંખ્યામાં તેનો શિકાર થઇ રહ્યો છે તે કરતાં તેનો જન્મદર ઓછો છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા આઇ.યુ.સી. એન. દ્વારા અને રેની ૩૯ જાતિઓ સંકટગ્રસ્ત જાહેર કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪માં કન્વેન્શન ઓન ઇન્ટરનેશનલ ટ્રેડ ઇન એનડેન્જર સ્પીસીસ ઓફ વાઇલ્ડલાઇફ ફાઓના એન્ડ ફ્લોરા (CITES) દ્વારા પણ શાર્કની વિવિધ જાતિઓની જુદી જુદી અનુસૂચિમાં ભયગ્રસ્ત જાહેર કરીને તેના રક્ષણ માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વિશ્વની અજાયબી સમાન લાખો શાર્ક જેવા નિર્દોષ જીવોની હત્યાઓ માનવ પોતાની ભૂખ સંતોષવા કરે છે. પરંતુ તેનાથી આગળ વધીને જયારે શાર્ક ફિનના સુપના સ્વાદ માટે હત્યા કરે છે તે બાબત અતિ શરમજનક છે. આ બધા જીવોનું અસ્તિત્વ મીટાવીને માનવ પછી શું ખાવાનું વિચારશે? તે કદાચ આજે આપણી કલ્પના બહારનુ છે. આ બધાનો કયાંક તો અંત આવશે જ ને?